Gujarati Midday Pg 12, 30th June 2022

# બીટકૉઈન ૨૦,૦૦૦ ડૉલરની નજીક પહોંચ્યો

**મેક્રોઈકૉનૉમિક** સમસ્યાઓને પગલે ડિજિટલ ઍસેટ્સમાં ઘટાડાની સ્થિતિ વધુ ઘેરી બની જતાં બીટકૉઈન ૨૦,૦૦૦ ડૉલરની નજીક (૨૦,૦૬૧) પહોંચી ગયો છે. માર્કેટ કૅપિટલાઈઝેશન ૪.૮૧ ટકા ઘટીને ૯૦૦.૪૬ અબજ ડૉલર થઈ ગયું છે.

ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં અનેક રોકાણકારો અને યુઝર્સની વિરુદ્ધ કાનૂની ખટલાઓ શરૂ કરાયા હોવાથી બજારના માનસ પર પ્રતિકૂળ અસર થઈ છે. આ સંબંધે ધારાશાસ્ત્રીઓનું કહેવું છે કે પ્રવર્તમાન કાયદાઓને ક્રિપ્ટોકરન્સી માર્કેટના યુઝર્સ અને રોકાણકારો માટે લાગુ કરવાનું ચલણ વધ્યું છે અને આગામી દિવસોમાં એ વૃત્તિ વધતી જવાની ધારણા છે.

વિશ્લેષકોના ડેટા દર્શાવે છે કે ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જોમાં પાછલા ૨૪ કલાકમાં મોટા ભાગે તેજીનાં ઓળિયાં ધરાવતા ૬૭,૭૭૦ સોદાઓ સૂલટાવી દેવાયા હતા. એનું કૂલ મૂલ્ય ૧૭૭ મિલ્યન ડૉલર હતું. સૂલટાવાયેલાં ઓળિયાંમાં લગભગ ત્રીજા ભાગનાં ઓળિયાં ઈથેરિયમને લગતાં હતાં.

અગાઉ, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રિપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ બુધવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૫.૮૫ ટકા (૧૬૬૬ પૉઈન્ટ) ઘટીને ૨૬,૭૮૨ પૉઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૨૮,૪૪૮ ખૂલીને ૨૮,૬૩૯ સુધીની ઉપલી અને ૨૬,૫૧૩ પૉઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.